# ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત Reshuffling (રાઉન્ડ-૨) માં ભાગ લેવા માટેની પ્રક્રિયા

1. પ્રથમ રાઉન્ડમાં મેળવેલ પ્રવેશ પછી, નિયત ટ્યુશન ફી ભરીને અને અસલ પ્રમાણપત્રો નજીક ના હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવીને પ્રવેશ કાયમ કરાવ્યા બાદ Reshuffling (બીજા રાઉન્ડ)માં ભાગ લેવા ઇચ્છતા હોય, તેવા ઉમેદવારોએ સંસ્થા ખાતે, રીપોર્ટીંગ કરવાનું ફરજીયાત નથી.
2. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યા બાદ, નિયત ટ્યુશન ફી ભરીને અને અસલ પ્રમાણપત્રો નજીકના હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવેલ ન હોય(પ્રવેશ કન્ફર્મ ના કરાવેલ હોય) તેવા વિદ્યાર્થીઓ પણ Reshuffling (બીજા રાઉન્ડ) માં ભાગ લેવા ઇચ્છતા હોય, તો ભાગ લઇ શકશે. પરંતુ પ્રથમ રાઉન્ડમાં ફાળવાયેલ પ્રવેશ ફરીથી બીજા રાઉન્ડમાં ફાળવવામાં આવશે નહિ.
3. Reshuffling (બીજા રાઉન્ડ) માં ભાગ લેવા માટે અગાઉ નો પ્રથમ રાઉન્ડ નો પ્રવેશ રદ કરાવવો જરુરી નથી.
4. પ્રથમ રાઉન્ડ માં પ્રવેશ રદ કરાવેલ ઉમેદવાર પણ Reshuffling (બીજા રાઉન્ડ)માં ભાગ લઇ શકશે, પરંતુ પ્રથમ રાઉન્ડમાં ફાળવાયેલ પ્રવેશ જો ઉમેદવારે રદ કરાવેલ હશે તો તેજ પ્રવેશ ઉમેદવાર ને Reshuffling (બીજા રાઉન્ડ)માં નિયમ અનુસાર ફાળવવામાં આવશે નહિ.
5. જે ઉમેદવારો ને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ નથી તેવા તમામ ઉમેદવારો Reshuffling (બીજા રાઉન્ડ)માં ભાગ લેવા ઇચ્છતા હોય તો, Reshuffling (બીજા રાઉન્ડ)માં ભાગ લેવા માટેની **ઓનલાઈન સંમતિ (Consent)** આપવાની ફરજીયાત રેહશે, અન્યથા બેઠક ફાળવાણીની પ્રક્રિયામાં સમાવેશ થશે નહિ.
6. બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે ઉમેદવારો એ તારીખ ૧૪/૦૮/૨૦૧૭ થી ૧૭/૦૮/૨૦૧૭ માં પોતાના User-ID અને Password ની મદદથી www.medguj.nic.in વેબસાઈટમાં Login થઇ, Reshuffling (બીજા રાઉન્ડ)માં ભાગ લેવા માટેની **ઓનલાઈન સંમતિ (Consent)** આપવાની ફરજીયાત રેહશે, અન્યથા બેઠક ફાળવાણીની પ્રક્રિયામાં સમાવેશ થશે નહિ.

**7.** કાઉન્સેલિંગ ના બીજા તબક્કામાં ભાગ લેવા માટે સંમતિ (Consent) આપનાર ઉમેદવાર ઈચ્છે તો પોતાની પસંદગી યાદી (Choice List)માં ભરેલ પસંદગીની બેઠકની કોલેજની યાદી (Choice List) માં ફેરબદલ કરી શકશે અને/અથવા નવી પસંદગી ઉમેરી શકશે અન્યથા તેઓ દ્વારા અગાઉ કરવામાં આવેલ પસંદગી યાદી કાયમ રેહશે.

**8.** આપનાથી ઉચ્ચ મેરીટ ક્રમ ધરાવતા ઉમેદવારોને પ્રવેશ સમિતિની વેબસાઈટ પર દર્શાવેલ ખાલી બેઠકો પ્રવેશ મળવાની શક્યતા ને લીધે તેઓ દ્વારા ખાલી થતી આનુષાન્ગિક બેઠકોને ધ્યાને લઇ ખાલી બેઠકોની યાદીમાં શામેલ ન હોય તેવી બેઠકોની પણ પસંદગી(choice) ભરવા આપને સલાહ આપવામાં આવે છે.

**9.** પ્રથમ રાઉન્ડ માં પ્રવેશ ફાળવાયેલ ઉમેદવાર જો બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓનલાઈન સંમતિ આપશે અને બીજા રાઉન્ડમાં ભાગ લેશે ત્યારે તેઓની પસંદગીના આધારે જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફેરબદલ થશે **તો પ્રથમ રાઉન્ડ માં ફાળવામાં આવેલ પ્રવેશ આપોઆપ રદ થઇ જશે.**

**10.** જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં નહિ આવે અને નિયત સમય મર્યાદામાં જો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ કન્ફર્મ કરાવેલ હશે તો પ્રથમ રાઉન્ડ ઉપર ફાળવવામાં આવેલી બેઠકનો પ્રવેશ ચાલુ રેહશે.

તા- ૦૬/૦૮/૨૦૧૭